**રાજકોટ ના મહે ૨૩મા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં**

**ફોજદારી કેસ નંબર : ૨૪૬૨૮/૨૧**

**આંક : ૮**

**<u>ફરીયાદી:</u>** શ્રી સરકાર

**::: વિરૂઘ્ધ :::**

**<u>આરોપી:</u>** **રાહુલ નરેન્દ્રભાઈ પાટડીયા**

**<u>ગુનો :– આઈ.પી.સી. ની કલમ ૨૬૯</u>**

**<u>::: ચુકાદો :::</u>**

**૧)..** ફરીયાદપક્ષના કેસ ની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ હાલ નોવેલ કોરોના વાયરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર ઘ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય જેનો ફેલાવો અટકાવવા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તરફથી અનલોક જાહેર થયેલ હોય તેમજ પોલીસ કમિશ્નર સાહેબ રાજકોટનાઓએ શહેરમાં વધારે વ્યકિતઓએ એકઠા થવુ નહી તેવુ જાહેરનામું બહાર પાડેલ હોય તેમ છતાં આ કામના આરોપીઓએ બિનજવાબદારીપુર્વકનુ વર્તન કરી પોતાને ચેપ લાગવાની સંભાવના તથા ચેપ ફેલાવવાની સંભાવના હોવાનુ જાણતા હોવા છતાં ગુનો કર્યા બાબતનુ આઈ.પી.સી. ની કલમ ૨૬૯ નો ભંગ કરેલ છે.

**૨)..** આરોપી કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે, આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનુ જાહેર કરી પુરસીસ રજુ કરેલ છે. જે સંદર્ભ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીનાઓની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી, જેથી આરોપીની કબુલાત ઘ્યાને લઈ તેમને સજા બાબતે પુછતાં જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ ઉપરોકત તમામ સંજોગો ગુનાની હકિકત અને સજા જગોવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>::: હુકમ :::</u>**

આ કામના આરોપીને ક્રી. પ્રો.કો. કલમ ૨૫૨ મુજબ ઈ.પી.કો. કલમ ૨ ૬૯ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક આરોપીને રૂા ૧૦૦ /– લેખે નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમના ભરે તો પ્રત્યેક આરોપીને દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતી મુજબનો મુદામાલ અત્રેની અદાલતમાં કોઈ વ્યકિતએ કલેઈમ કરેલ નથી. કલેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૯, માંહે : સપ્ટેમ્બર સને : ૨૦૨ ૩ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યા

ઈ/ચા. ૨૩માં અધિક ચીફ જયુડીશ્યલ મેજી.,
રાજકોટ